# તા. ૧૭/૧૦/૨૦૧૮ બુધવાર રાજય સરકાર દ્વારા અપવામાં આવતા નમો ટેબલેટનું વિતરણ











વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરતા કોલેજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ અને અધ્યાપકો



## ખેરગામની કોલેજમાં વિદ્યાર્થીઓને નમો ઈ ટેબલેટનું વિતરણ કરાયું

ખેરગામ|સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ ખાતે રાજ્ય સરકાર દ્વારા ધો. 12 પાસ કરી કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ટેબલેટ આપવાની મહત્વની યોજના અમલમાં મૂકેલ છે. જેમાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામમાં F.Y.B.A/B.COM માં અભ્યાસ કરતા કુલ 110 વિદ્યાર્થીઓએ 1000/- ના ટોકન દર આપીને ઓનલાઈન નામ રજીસ્ટ્રેશન કરાવ્યા હતા. જે તમામને ટેબલેટનું વિતરણ કરાયું હતું. કોલેજના આચાર્ય ડો. સંજયકુમાર પટેલ રાજ્ય સરકારની આ યોજનાથી આવનારા સમયમાં આ નમો ઈ ટેબલેટ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણનાં સંશોધન અભ્યાસ અર્થે ઈ.બુક્સ અને ઈ.જર્નલની માહીતી ઉપયોગી બનશે.

**Divybhaskar-vapi valsad-22/12/2018 Page No.02**



## ખેરગામની સરકારી વિનયન-વાણિજ્ય કોલેજમાં 110 વિદ્યાર્થીઓને નમો ઈ-ટેબલેટનું વિતરણ

ખેરગામ | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ ખાતે રાજ્ય સરકાર દ્વારા ધોરણ 12 પાસ કરી કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને રૂ. 1000ના ટોકન દરથી ટેબલેટ આપવાની મહત્ત્વની યોજના અમલમાં મૂકેલ છે. જેમાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામમાં F.Y.B.A, B.COM માં અભ્યાસ કરતા કુલ 110 વિદ્યાર્થીઓએ 1000નાં ટોકન દર આપીને ઓનલાઈન નામ રજીસ્ટ્રેશન કરાવ્યા હતાં. જે તમામને ટેબલેટનું વિતરણ કરાયું હતું. કોલેજના આચાર્ય તથા અધ્યાપકોએ વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણનો કાર્યક્રમનું આયોજન કરતા વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર વર્ષી ગઈ હતી. આચાર્ય ડો. સંજયકુમાર એમ. પટેલનાં જણાવ્યા અનુસાર રાજ્ય સરકારની આ યોજનાથી આવનારા સમયમાં આ નમો ઈ ટેબલેટ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણનાં સંશોધન અભ્યાસ અર્થે ઈ. બુક્સ અને ઈ. જર્નલની માહિતી મેળવવા માટે ઘણાં જ ઉપયોગી બનશે.

**Divybhaskar-Navsari-22-12-2018,Page No.02**

# તા. ૨૦/૧૦/૨૦૧૮ સ્વામીવિવેકાનંદની જન્મજયંતિ નિમિતે નિબંધ સ્પર્ધા



નિબંધ સ્પર્ધાનું નિરીક્ષણ કરી રહેલા કોલેજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ અને પ્રા.નીમુબેન ચૌધરી

# તા. ૨૨/૧૦/૨૦૧૮ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન



પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન નિહાળતા આચાર્યશ્રી, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ

# તા. ૨૭/૧૦/૨૦૧૮ ભારત રત્ન અટલ બિહારી વાજપાઇના જન્મ દિવસ નિમિતે સુશાસન સામાન્ય જ્ઞાન કસોટી આપતા વિદ્યાર્થીઓ












સુશાસન સામાન્ય જ્ઞાન કસોટીની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ અને નીરીક્ષણ કરતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ અને ડૉ.ડી.એન.દેવરી



## ખેરગામ કોલેજમાં સુશાસન સામાન્ય જ્ઞાન પરીક્ષા

ખેરગામ. તા.૨૮

રાજ્યના ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી ગાંધીનગરના આદેશાનુસાર ભારત રત્ન અટલબિહારી વાજપાઈના જન્મ દિવસ નિમિત્તે કોલેજના વિદ્યાર્થીઓમાં સુશાસન પ્રત્યે જાગરૂકતા વધે એ હેતુથી ખેરગામ સરસિયા ખાતે આવેલી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં સુશાસન સામાન્ય જ્ઞાન સ્પર્ધાનું આયોજન સંસ્થાના વડા આચાર્ય ડૉ.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૯૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર પરીક્ષામાં ભાગ લીધો હતો. કુલ ૫૦ માર્કસની પરીક્ષામાં સમગ્ર કોલેજમાં ૩૮ માર્કસ T.Y.B.COMની વિદ્યાર્થિની મારિયા શેખ અને વૈભવી પટેલે મેળવી પ્રથમ ક્રમે રહ્યા હતા. સમગ્ર સ્ટાફ ગણ આ સ્પર્ધાત્મક પરીક્ષામાં સહભાગી બન્યા હતા. આચાર્યે ઉપસ્થિત સ્ટાફ ગણ અને વિદ્યાર્થીઓને સુશાસન પ્રત્યે જાગરૂકતા વધે એ સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું.

**Gujarat Gardiyan, 29-12-2018, Page No.9**



## ખેરગામ કોલેજમાં સામાન્ય જ્ઞાન પરીક્ષા યોજાઈ

ભાસ્કર ન્યૂઝ | ખેરગામ

રાજ્યના ઉચ્ચશિક્ષણ કમિશનરની કચેરી ગાંધીનગરના આદેશાનુસાર ભારત રત્ન અટલ બિહારી વાજપાઈના જન્મ દિવસ નિમિત્તે કોલેજના વિદ્યાર્થીઓમાં સુશાસન પ્રત્યે જાગરૂકતા વધે તે હેતુથી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ જિ.નવસારી ખાતે સુશાસન સામાન્ય જ્ઞાન સ્પર્ધાનું આયોજન સંસ્થાના વડા આચાર્ય ડૉ.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં 194 વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર પરીક્ષામાં ભાગ લીધો હતો. કુલ 50 માર્કસની પરીક્ષામાં સમગ્ર કોલેજમાં 38 માર્કસ T.Y.B.COMની વિદ્યાર્થીની શેખ મારિયા અને પટેલ વૈભવીએ મેળવી પ્રથમક્રમે રહ્યા હતા.

**Divy Bhashkar, Vapi Valsad- 29-12.2018, Page No. 09**

## તા. ૨૮/૧૨/૨૦૧૮ના શુક્રવારના રોજ નવસારી જિલ્લા રોજગાર વિનિમય કચેરી નવસારી દ્વારા આયોજિત UPSC/GPSC ની સ્પર્ધાત્મક પરીક્ષા માટેની તૈયારી કેવી રીતે કરવી અને પસંદગી કેવી રીતે પામવું તે અંગેનો માર્ગદર્શન સેમીનાર યોજાયો.













### ખેરગામમાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા અંગે માર્ગદર્શન

ખેરગામ | રાજ્ય સરકારના ઉદ્દીશા પ્લેસમેન્ટસેલ તેમજ જિલ્લા રોજગાર વિનિમય કચેરી નવસારી દ્વારા વિવિધ સ્પર્ધાત્મક ભરતી અન્વયે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવી તેમજ સચોટ લક્ષની પ્રાપ્તિ માટે માર્ગદર્શન મળે તે હેતુસર આચાર્ય ડો.એસ. એમ.પટેલના અધ્યક્ષપદે 'એક દિવસીય માર્ગદર્શન સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા રોજગાર વિનિમય કચેરીના નોંધણી અધિકારી હેતલબેન ખેતાણીએ રોજગારલક્ષી માહિતિ આપી હતી અને ધોરણ 12 પછી તેમજ ગ્રેજ્યુએટ થયા પછી નામોની નોંધણી તેમજ તેને સતત અદ્યતન કરતા રહી ભરતી મેળાનો લાભ કઈ રીતે લેવો તે અંગેની જાણકારી આપી હતી. બેંકિંગ એકેડમી સુરતથી પધારેલા ચેતનભાઈ ભીમાણીએ બેરોજગાર કોને કહી શકાય, સરકારી નોકરી માટેની કેટલી અને કેવી તકો ઉપલબ્ધ છે તે વિશે માહિતગાર કરી ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા લેવાનારી વિવિધ આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષા જેવી કે, UPSC, GPSC, BANK, RRB, PSI, POST OFFICE, RAILLWAY, SSC, TET, TAT, LIC, પોલીસ કોન્સ્ટેબલ, બિન સચિવાલય કલાર્ક, સચિવાલય કલાર્ક, ગુજરાત હાઈકોર્ટ, તલાટી મંત્રી, જેવી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી અંગે સચોટ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.વિદ્યાર્થીઓને ભાવિ કારકિર્દી માટે 'એક વિચાર શ્રેષ્ઠ વિચાર' પર ભાર મૂક્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.જીગરકુમાર પરમાર અને આભારવિધિ પ્રા.જમનાબેન પટેલે કરી હતી.

Divy Bhaskar-Navsari, 30-12-2018, Page No.02

સેમીનારમાં હાજર નવસારી રોજગાર કચેરીના અધિકારીઓનું પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ તેમજ પુસ્તકોનું વિતરણ કરતા નવસારી રોજગારા કચેરીના હેતલબેન, ચેતનભાઇ ભીમાણી અને આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ

## તા.૦૯/૦૧/૨૦૧૯ સ્વામી વિવેકાનંદની ૧૫૬મી જન્મ જયંતિ નિમિત્તે પાવર પોઇન્ટ પેઝન્ટેશન સ્પર્ધા














પાવર પોઇન્ટ પેઝન્ટેશન નિહાળતા આચાર્યશ્રી,અધ્યાપકો અને વિદ્યાર્થીઓ

# સ્વામી વિવેકાનંદની ૧૫૬મી જન્મ જયંતિની ઉજવણી અને પુસ્તક તેમજ પોસ્ટર પ્રદર્શન કાર્યક્રમ











સ્વામી વિવેકાનંદ જયંતી નીમિતે પુસ્તક પ્રદર્શન નિહાળતા મહાનુભાવો



## ખેરગામ કોલેજમાં વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે સ્પર્ધા યોજાઇ

ખેરગામ | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામમાં યુગપુરૂષ,યુવાનોના પ્રેરણાસ્ત્રોત સ્વામી વિવેકાનંદની 156 મી જન્મજયંતિની ઉજવણી સપ્તધારા અંતર્ગત જ્ઞાનધારા અને રાષ્ટ્રીય સેવા યોજનાના (N.S.S)નાં સંયુક્ત ઉપક્રમે આચાર્ય ડો.એસ. એમ.પટેલના માર્ગદર્શન હેઠળ વિવિધ સ્પર્ધાઓ યોજાઇ હતી. તા.7.1.2019 નાં રોજ સૂત્રલેખન (16 વિદ્યાર્થી), તા.8.1.2019 ક્વિઝ સ્પર્ધા (33 વિદ્યાર્થી), તા.9.1.2019 નાં રોજ સ્વામી વિવેકાનંદના જીવન પર આધારિત 5 વિદ્યાર્થીઓએ મોબાઇલ વીડીયોક્લિપ તૈયાર કરી સ્પર્ધામાં ભાગ લીધો હતો. અધ્યાપકગણ તથા વિદ્યાર્થીઓએ મોબાઇલ વીડીયોક્લિપ રસપૂર્વક નિહાળી હતી. તા.11.1.2019 થી 16.1.2019 સુધી પુસ્તક અને પોસ્ટર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.12.1.2019 ને શનિવારના રોજ સ્વામી વિવેકાનંદની 156મી જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને અધ્યાપકને સ્વામી વિવેકાનંદના વિચારો ગ્રહણ કરવા તેમજ રાષ્ટ્રના ઉત્થાનમાં યુવાનો પોતાનું યોગદાન આપી શકે તે માટે આચાર્ય ડો.એસ. એમ.પટેલએ અનુરોધ કર્યો હતો.

Divy Bhaskar-Navsari, 17-01-2019, Page No. 04



## ખેરગામની કોલેજમાં સ્વામી વિવેકાનંદ જન્મજયંતીએ વિવિધ સ્પર્ધા યોજાઇ

ભાસ્કર ન્યૂઝ | ખેરગામ

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામમાં યુગપુરુષ, યુવાનોના પ્રેરણાસ્ત્રોત સ્વામી વિવેકાનંદની ૧૫૬મી જન્મજયંતિની ઉજવણી સપ્તધારા અંતર્ગત જ્ઞાનધારા અને રાષ્ટ્રીય સેવા યોજનાના (N.S.S)ના સંયુક્ત ઉપક્રમે આચાર્ય ડૉ.એસ. એમ.પટેલના માર્ગદર્શન હેઠળ વિવિધ સ્પર્ધાઓ યોજાઇ હતી. સૂત્રલેખન 16 વિદ્યાર્થી , ક્વીઝ સ્પાર્ધા ૩૩ વિદ્યાર્થી,સ્વામી વિવેકાનંદના જીવન પર આધારિત 5 વિદ્યાર્થીઓએ મોબાઈલ વિડિયો ક્લિપ તૈયાર કરી સ્પર્ધામાં ભાગ લીધો હતો. અધ્યાપકગણ તથા વિદ્યાર્થીઓએ મોબાઈલ વિડિયો ક્લિપ રસપૂર્વક નિહાળી હતી.

Divy Bhaskar-Vapi Valsad,17-01-2019 Page.02

# તા. ૩૧/૦૧/૨૦૧૮ ગુરૂવાર G.S.T. ના સંદર્ભે સેમીનાર






વલસાડથી ઉપસ્થિત થયેલા એડવોકેટ શ્રી, અલ્પેશભાઈ ઉપાધ્યાયનું પુષ્પગુચ્છથી સ્વાગત કરતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ





**ખેરગામ કોલેજમાં GST અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું**

ખેરગામ| ખેરગામ કોલેજ ખાતે ઉદિશા પ્લેશમેન્ટ સેલ અંતર્ગત આચાર્ય ડો. એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ G.S.T. વિષય ઉપર એક દિવસીય સેમિનારનું આયોજન કર્યુ હતું. GST ઉપર માર્ગ દર્શન એડ્વોકેટ અને ટેક્ષ કન્સલટંન્ટ અલ્પેશ ઉપાધ્યાયનું ડો. એસ.એમ.પટેલે શાબ્દિક પરિચય આપી પુષ્પગુચ્છ થી આવકાર્યા હતા. એડ્વોકેટ અલ્પેશ ઉપાધ્યાયે જણાવ્યું કે, સેન્ટ્રલ એક્સસાઈઝ, સર્વિસટેક્ષ, વેલ્યુ એડેડ ટેક્ષ, એન્ટ્રીટેક્ષ, મનોરંજન ટેક્ષ, લકઝરી ટેક્ષ વગેરે સમીકરણો GST ને લાગુ પડે છે. GST ઉત્પાદકો, વેપારીઓ, ગ્રાહકો, તેમજ અર્થતંત્ર માટે અત્યંત મહત્વનું પગલું છે. કાર્યક્રમનું સંચાલન પ્રા. જીગરકુમાર પરમારે અને ડો. વાય.જે.મિસ્ત્રીએ આભાર વ્યક્ત કર્યો હતો.

Divy Bhaskar-Valsad-vapi, 01-02- 2019, Page No.02

માહિતી સભર વ્યાખ્યાન આપી રહેલા શ્રી અલ્પેશભાઈ ઉપાધ્યાય

## તા. ૨૯-૦૧-૨૦૧૯ મંગળવાર માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પરીક્ષા પે ચર્ચા લાઈવ કાર્યક્રમ









પરીક્ષા પે ચર્ચા લાઈવ કાર્યક્રમને નિહાળતા અધ્યાપકો અને વિદ્યાર્થીઓ

## (2) ગીતસંગીત નૃત્યધારા

### તા. ૩૦/૦૮/૨૦૧૮ ગુરૂવાર ભજન સ્પર્ધા



સુરીલુ ભજન રજૂ કરતા વિદ્યાર્થીઓ